પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

RNI NO:- 67073/97 9712880678

વર્ષ : ૨૭ • અંક : ૧૧૭ • કુલ પાના : ૪ • તારીખ : ૦૯-૦૧-૨૦૨૪ મંગળવાર • કિંમત રૂા.૧.૫૦/-

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)



મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

### પંચમહાલ ધારાસભ્યની અધ્યક્ષતામાં

# કપડવંજના વડોલ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ગોધરા,

સરકારની લોક કલ્યાણકારી યોજનાઓનો લાભ દેશના પ્રત્યેક ગામના નાગરિકો સુધી પહોંચે તે હેતુથી શરૂ થયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું આજે કપડવંજ તાલુકાના વડોલ ગામે ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ, કપડવંજ ધારાસભ્ય રાજેશ ઝાલા અને બાલાસિનોર ધારાસભ્ય માનસિંહ ચૌહાણની મુખ્ય ઉપસ્થિતિમાં વડોલ પ્રાથમિક શાળા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અતંર્ગત કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. જેમા ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ લઈ વિકાસની પક્રિયામાં સહભાગીદાર બનવા એકસૂરમાં અપીલ કરવામાં આવી હતી.

આ પ્રસંગે પંચમહાલ ધારાસભ્ય રતનસિંહ રાઠોડે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજના વિશે વાત કરી ઉપસ્થિત તમામ અધિકારીઓ અને પદાધિકારીઓને સરકારની યોજનાઓનો લાભ છેવાડાના માણસને મળે તે માટે જરૂરી કામગીરી કરવા અપીલ કરી હતી. તેમણે સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણ, સ્વાસ્થય અને મહિલા સશકિતકરણની



કામગીરીને બિરદાવી હતી અને લોકોના જીવનધોરણ સુદઢ બનાવવા માટે બાકી રહેલ કાર્યોને ટુંક સમયમાં પૂર્ણ કરવા ખાતરી આપી હતી. કપડવંજ ધારાસભ્ય રાજેશ ઝાલા અને બાલાસિનોર ધારાસભ્ય માનસિંહ ચૌહાણ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સહિયારો પ્રયાસ કરવા અપીલ કરવામાં આવી હતી.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, આયુષ્યમાન કાર્ડ અને પોષણ યોજના અંતર્ગત સહાય રકમના ચેક, ગેસ કીટ, પોષણ કીટ વગેરે લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત મેરી કહાની મેરી જુબાની થકી આયુષ્માન કાર્ડ, સખીમંડળ અને પ્રાકૃતિક કૃષિ યોજનાના લાભાર્થીઓએ પોતાને મળેલ યોજનાકીય લાભની વાત કરી અન્ય લોકોને સરકારની યોજનાઓનો લાભ લેવા અપીલ કરી હતી. વધુમાં, દૂધ મંડળીમાં ઉત્કૃષ્ઠ કામગીરી બદલ ગામના સફળ મહિલા તરીકે કેલાશબેન વાઘેલાનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં સંકલિત બાળ વિકાસ યોજના, આરોગ્ય વિભાગ, મહિલા અને બાળ વિકાસ યોજના, જલ જીવન મિશન, મનરેગા, પીએમ આવાસ, આયુષ્યમાન ભારત, પીએમજેવાય–મા યોજના અને ખેતીવાડી વિભાગ દ્વારા યોજનાકીય માહિતિ આપતા સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. જેનો લોકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. મહાનુભાવો દ્વારા આ સ્ટોલની મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

વડોલ પ્રા.શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો કરીને લોકોને પ્રાકૃતિક ખેતી માટેનો સંદેશો આપવામાં આવ્યો હતો. તથા વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો વિકાસ માટેનો સંદેશ સાંભળવામાં આવ્યો હતો. સાથે સાથે કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ લોકો દ્વારા ભારતને ૨૦૪૭ સુધી આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ માટે શપથ લેવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં કપડવંજ ધારાસભ્ય રાજેશ ઝાલા, બાલાસિનોર ધારાસભ્ય માનસિંહ ચૌહાણ, નાયબ જીલ્લા વિકાસ અધિકારી મકવાણા, કપડવંજ તાલુકા વિકાસ અધિકારી, કપડવંજ મામલતદાર, કપડવંજ પોલીસ સબ ઈન્સપેકટર સહિત અન્ય આગેવાનો, મહાનુભાવો, વડોલ સરપંચ, તલાટી મંત્રી, પ્રાથમિક શાળાના શિક્ષકો, બાળકો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

# વડોદરાથી અયોધ્યા જતા ૧૧૦૦ કિલોના દિવાનું ગોધરામાં ધારાસભ્ય દ્વારા સ્વાગત કરાયું

ગોધરા,

આગામી ૨૨ મી જાન્યુઆરીના રોજ પ્રભુ શ્રી રામ અયોધ્યાના રામ મંદિરમાં બિરાજમાન થવા જઈ રહ્યા છે. ત્યારે રામ મંદિર માટે વડોદરા થી અયોધ્યા સુધી ૧૧૦૦ કિલોનો દીવો જનાર છે. ત્યારે આજરોજ વડોદરાથી આવેલ દીવાનું ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

અયોધ્યામાં ૨૨મી જાન્યુઆરીના રોજ ભવ્ય મંદિરમાં ભગવાન રામની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. સમગ્ર ભારતમાં રહેતા લોકોમાં અનેરો આનંદ છે. ત્યારે વડોદરામાં રહેતા એક ખેડૂતે ૧૧૦૦ કિલો વજન અને ૦૯.૧૫ ફૂટ ઊંચાઈ ધરાવતો દીવો તેમણે રામ મંદિર માટે



તૈયાર કરાવ્યો છે. ત્યારે ગોધરાના વિશ્વકર્મા ચોક ખાતે ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી, પંચમહાલ જીલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, ગોધરા નગરપાલિકા પ્રમુખ જયેશભાઈ ચૌહાણ સહિત ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ તથા કાર્યકર્તાઓએ વડોદરા થી આવેલા ૧૧૦૦ કિલોના દીવાનું પુષ્પગુચ્છ અર્પણ કરીને ભાવભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શોભાયાત્રા ગોધરા શહેરના ચિત્રા સીનેમા રોડ, પાંજરાપોળ, લાલબાગ બસ સ્ટેન્ડ, ભુરાવાવ ચાર રસ્તા ખાતે વિવિધ સમાજના આગેવાનો દ્વારા દીવાનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને જય શ્રી રામના નારા સાથે ગોધરા શહેરના મુખ્ય માર્ગો ભક્તિમય વાતાવરણમાં ગુંજી ઉઠ્યા હતા.

વડોદરા શહેર માંથી આવેલા ૧૧૦૦ કિલોની દીવાની શોભાયાત્રામાં પંચમહાલ જીલ્લા પોલીસના ડીવાયએસપી પી.આર. રાઠોડ તથા એલસીબી પીઆઈ એન.એલ. દેસાઈ, એસ.ઓ.જી. પીઆઈ આર.એ. પટેલ સહિતના પોલીસ કર્મીઓ શોભાયાત્રાના મુખ્ય માર્ગો ઉપર ચુસ્ત બંદોબસ્ત સાથે પોતાની ફરજ નિભાવી હતી.

# NRLM યોજના હેઠળ FSP (સસ્તા અનાજની દુકાન) ધારકોની મીટીંગ કરવામાં આવી

નડિયાદ,

જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નડીઆદ, જીલ્લો ખેડા હસ્તક ચાલતી એન.આર.એલ.એમ. (નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન) યોજના હેઠળ રચાયેલ સખી મંડળની બહેનોને બેન્ક લોન આપી પગભર કરવાની કામગીરી કરવામાં આવે છે. સરકારના ઉમદા હેતુને દયાનમાં રાખી જીલ્લા કલેકટર કે.એલ.બચાણીઅને જીલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ તેમજ નિયામક, જીલ્લા ગ્રામ વિકાસ



એજન્સી, ખેડા–નડીઆદ અને જીલ્લા પુરવઠા અધિકારીની પ્રેરક ઉપસ્થિતિમા સખી મંડળ દ્વારા બનાવવામાં આવતી ચીજ વસ્તુઓના વેચાણ અર્થે તેમજ તેઓ દ્વારા બનાવેલ વસ્તુઓને માર્કેટ મળી રહે તે હેતુથી સખી મંડળ તેમજ એફ.પી.એસ (સસ્તા અનાજની દુકાન) ધારકોની મીટીંગ કરવામાં આવી અને બંને વચ્ચે ચીજવસ્તુઓના વેચાણ અર્થે એલ.ઓ.આઇ (લેટર ઓફ ઈન્ટેન્ટ) કરવામાં આવ્યો. હવેથી જીલ્લાની ૧૧ સસ્તા અનાજની દુકાનો પર સખી મંડળની બહેનો દ્વારા બનાવેલ ચીજ–વસ્તુઓનું વેચાણ થઈ શકશે તથા મંડળની બહેનો માટે રોજગારીની એક નવી તક ઉભી કરવામા આવશે.

# અલ્મા ઈન્ટરનેશનલ સ્કૂલે સફળ ‘સ્ટુડન્ટ લેડ કોન્ફરન્સ-૨૦૨૪’નું આયોજન કર્યું



સંતરામપુર,

અલ્મા ઈન્ટરનેશનલ સ્કૂલે તેના કેમ્પસમાં સ્ટુડન્ટ લેડ કોન્ફરન્સ ૨૦૨૪નું આયોજન કરીને વિદ્યાર્થીઓની સિદ્ધિઓના ગતિશીલ પ્રદર્શનની ઉજવણી કરી. ૬ઠ્ઠી જાન્યુઆરીના રોજ આયોજીત આ કાર્યક્રમે વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક પ્રગતિ, સિદ્ધિઓ અને ધ્યેયો વાલીઓ અને અધ્યાપકો સમક્ષ રજૂ કરવામાં આગેવાની લેવા માટે એક મંચ પૂરો પાડ્યો હતો. સમગ્ર પરિષદ દરમિયાન, વાલીઓને તેમના બાળકની શૈક્ષણિક યાત્રા સાથે પ્રત્યક્ષ રીતે જોડાવવાની તક મળી હતી. તેમની સિદ્ધિઓ, પડકારો અને આકાંક્ષાઓ વિશે આંતરદષ્ટિ મેળવવી વિદ્યાર્થીઓની આગેવાની હેઠળની કોન્ફરન્સે વિદ્યાર્થીઓના સશકિતકરણના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમના શિક્ષણ પર જવાબદારી અને માલિકીની ભાવનાને પ્રોત્સાહન આપ્યું હતું. આ ઈવેન્ટમાં વિવિધ વિષયો અને ગ્રેડમાં વિવિધ પ્રોજેક્ટ્સ, પ્રસ્તુતિઓ અને પ્રતિબિંબ દર્શાવવામાં આવ્યા હતા. જે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, જટિલ વિચાર કૌશલ્યને પ્રકાશિત કરે છે.

# લીમખેડા સ્પે.(પોકસો) કોર્ટ દ્વારા જાતિય ગુનામાં આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારી

લીમખેડા,

લીમખેડા ત્રીજા એડી. સેશન્સ સ્પે.(પોકસો) કોર્ટમાં ધાનપુર તાલુકાના ધોડાઝરના આરોપી વિરૂદ્ધ નોંધાયેલ ૩૭૬(૧), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જાતિય ગુનામાં આજરોજ ચુકાદો આપતાં આરોપીને ૧૦ વર્ષની કેદ દંડનો હુકમ કરવામાં આવ્યો.

ધાનપુર તાલુકાના ધોડાઝર ગામે રહેતા રાહુલભાઈ ફતેસીંગભાઈ ઉર્ફે ફતાભાઈ ભુરીયા વિરૂદ્ધ કલમ ૩૭૬(૧), ૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા જાતીય ગુના વિરૂદ્ધ બાળકોના સુરક્ષા કાયદાની કલમ–૩(એ), ૪,૮,મુજબ ગુનો નોંધાયેલ હતો. આ ગુનામાં લીમખેડા ત્રીજા એડી.સેશન્સ સ્પે(પોકસો) કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટ દ્વારા આરોપીને ૧૦ વર્ષની સાદી કેદની સજા અને ૧૦,૦૦૦/–રૂપીયા દંડ જો દંડ ન ભરે તો ૬ માસની સજાનો હુકમ ફટકારવામાં આવ્યો.

# ઝાલોદ તાલુકા પંચાયતમાં આંગણવાડી અને તેડાંગર બહેનોને થતાં અન્યાયને લઈ આવેદનપત્ર અપાયું



ઝાલોદ,

તા.૦૮–૦૧–૨૦૨૪ સોમવારના રોજ આંગણવાડી વર્કર અને તેડાંગરમાં થતા અન્યાય ની સામે ન્યાય મેળવવા સામાજીક કાર્યકર નિલમબેન વસૈયાની આગેવાની હેઠળ મોટા પ્રમાણમાં વર્કર બહેનો હાજર રહી હતી. ઉપસ્થિત સહુ બહેનો ન્યાય મેળવવા માટે એક અરજી આપવા આવેલ હતા.

અરજીમાં દર્શાવેલ મુજબ આંગણવાડી વર્કર તેમજ તેડાંગર બહેનો દ્વારા તેમને થતાં અન્યાય સામે ન્યાય મેળવવા માટે ઓનલાઈન અરજી કરવામાં આવેલ હતી. તે અન્વયે ૦૪–૦૧–૨૦૨૪ ના રોજ દાહોદ જીલ્લા પંચાયતમાં અપીલ અંગે સુનાવણી રાખવામાં આવેલ હતી. તેમાં લાગતા વળગતા દરેક અધિકારીઓને અસલી પ્રમાણપત્ર સાથે રૂબરૂ બોલાવેલ હતા તેમાં કમિટિ દ્વારા કોઈપણ અરજદારોને સાંભળવામાં આવેલ નથી તેમજ તેમને મૌખિક જવાબ આપેલ છે. જાહેરાત પ્રસિદ્ધિ મુજબ મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી વિસ્તારની સ્થાનિક હોવી જોઈએ. આ જાહેરાત મુજબ સ્થાનિક અરજદારોને અન્યાય થયેલ છે. તેમજ સંકલિત બાલવિકાસ અધિકારી ઝાલોદ દ્વારા અરજીની પૂરતી ચકાસણી કર્યા વગર નિર્ણય લેવામાં આવેલ છે અને અપીલ અધિકારી દ્વારા પૂરતા આધાર સાથે અરજદારોને સાંભળવામાં આવેલ નથી તેથી અરજદારોને ફરીથી રૂબરૂ સાંભળવા અથવા ભરતી રદ કરવી અન્યથા અરજદારો ઉગ્ર આંદોલન કરશે તેની સમગ્ર જવાબદારી વહીવટી તંત્રની રહેશે તેમ અરજીમાં જણાવેલ છે.

# શહેરામાં ૪૦ વર્ષીય શિક્ષકનું હાર્ટ એટેક થી મોત



શહેરા,

શહેરાના બાહી ગામની ધી નવચેતન ઇંગ્લિશ સ્કૂલ ખાતે ચાલુ શાળાએ અંગ્રેજી વિષયના ૪૦વર્ષીય શિક્ષકને હાર્ટ એટેક આવતા નિધન થયું હતું. શિક્ષક અને યુવાન કવિના નિધનથી શાળા અને તેમના પરીવારમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

શહેરા તાલુકાની બાહી ગામની ધી નવચેતન ઇંગ્લિશ સ્કૂલ ખાતે શિક્ષક મોહસીન મીરની યાદો વિદ્યાર્થીઓ અને શાળા પરીવાર માટે રહી ગઈ હતી. શાળા ખાતે ૪૦ વર્ષીય શિક્ષક મોહસીન મીર અભ્યાસ કરાવી રહ્યા હતા. ત્યારે છાતીમાં દુઃખાવો થતા તેઓ ઢળી પડ્યા હતા. તે સમયે વર્ગખંડમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ બુમા બૂમ કરતા શાળાના શિક્ષકો દોડી આવ્યા હતા. હાર્ટ એટેક આવેલ શિક્ષકને સારવાર અર્થે તાત્કાલીક ધોરણે ગોધરા ખાતેની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ડોક્ટર દ્વારા તપાસ કરતા તેમને મૃત જાહેર કર્યા હતા. મોહસીન મીરનું ઉપનામ ‘સ્પર્શ’ હતું. વ્યવસાયેએઓ અંગ્રેજી વિષયના શિક્ષક હતા. તેઓ ગોધરાના વતની હતા. પોતાને આજીવન સાહિત્યના સાધક અને વિદ્યાર્થી માનતા આ કવિએ કવિતા, ગીત, ગઝલ, અછાંદસ, નાટક, લેખ વગેરે સાહિત્યપ્રકારોમાં હાથ અજમાવ્યા હતો. તેમના સર્જનોમાં સંયુકત ગઝલ સંગ્રહ–લઈને અગિયારમી દિશા અને સંયુક્ત ગઝલ સંગ્રહ ગઝલ ગઢનો સમાવેશ થાય છે. ધબક, કવિતા, ગઝલ ગરીમા, જેવા સામયિકોમાં એમની કવિતા પ્રકાશિત થઈ છે. પંચમહાલ જીલ્લામાં સ્પંદન ફાઉન્ડેશનના મુખ્ય કાર્યકર્તા તરીકે એઓ સાહિત્યપ્રવૃતિને વેગવંતી રાખવા સતત્ પ્રયત્નશીલ હતા. બાહી ગામની ધી નવચેતન ઈંગ્લિશ સ્કૂલમાં ૪૦ વર્ષિય શિક્ષકનું હાર્ટ એટેક થી મોત થતા શાળા તેમજ તેમના પરીવારમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

# ગોધરા-દાહોદ હાઈવે રોડ ઓરવાડા ગામે એકસીડન્ટમાં મરણજનારની ફરિયાદ કે પી.એમ. વગર અંતિમ સંસ્કાર કરી દેતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા–દાહોદ હાઈવે રોડ ઉપર ઓરવાડા ગામે ૨૫ ડિસેમ્બરના રોજ અકસ્માતમાં મરણજનારના ગુનામાં આરોપીને પકડવાનો બાકી હોય તે અંગે પોલીસ મથકમાં જાણ કર્યા વગર અકસ્માતમાં મરણ ગયેલ વ્યકિતના મૃતદેહનું પી.એમ. કર્યા વગર અંતિમવિધિ કરી ગુનો કરતાં ૪ વ્યકિત વિરૂદ્ધ ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા–દાહોદ હાઈવે રોડ ઉપર ઓરવાડા ગામે તા.૨૫ ડિસેમ્બરના રોજ એકસીડન્ટમાં વ્યકિતનું મરણ થયેલ હતું. અકસ્માતમાં મરણ ગયેલ હોય અકસ્માત સર્જનારને પકડવાનો બાકી હોય આ અંગે પોલીસ મથકમાં ફરિયાદ આપી જાણ કરવાની થતી હોય તેમજ મૃતદેહનું પી.એમ. કરાવ્યા વગર બારોબાર અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યો હતો. આ ગુનામાં પૃથ્વીસિંહ અમરસિંહ રાઠોડ, ઉદેસિંહ મગનભાઈ પટેલ, અમરસિંહ મગનભાઈ પટેલ, પીન્ટુભાઈ કનુભાઈ પટેલ વિરૂદ્ધ ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# શહેરા તાલુકાના ઉજડા ગામના ૨૫ જેટલા કોંગ્રેસ કાર્યકરો ભાજપમાં જોડાયા



શહેરા,

શહેરા તાલુકાના ઉંજડા ગામના ૨૫કરતા વધુ કોંગ્રેસ કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર જેઠાભાઈ ભરવાડના હસ્તે કોંગ્રેસના કાર્યકરોએ ભાજપનો ખેસ પહેર્યો હતો. પંચમહાલમાં આવનારી લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસથી નારાજ થયેલા કાર્યકરો ભાજપમાં જોડાઈ રહયા છે. જ્યારે શહેરા તાલુકાના ઊંજડા ગામના ૨૫કરતા વધુ કોંગ્રેસના કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયા હતા. તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા, ભાજપ જીલ્લા યુવા મોરચા મહામંત્રી ધર્મેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વિધાનસભા ગૃહના ડેપ્યુટી સ્પીકર જેઠાભાઈ ભરવાડના હસ્તે ભુરાભાઈ, મહેશભાઈ પરમાર, રાહુલભાઈ, અનિલ પરમાર સહિતના ૩૦કરતા વધુ કોંગ્રેસના કાર્યકરોએ ભાજપનો કેસરિયો ખેસ ધારણ કર્યો હતો. આ પહેલા પણ કોંગ્રેસના અમુક કાર્યકરો ભાજપમાં જોડાયા હોય જ્યારે ફરી એક વખત કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાતા આવનાર લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસમાં ગાબડુ પાડવામાં ભાજપને સફળતા મળી હોય એમ કહીએ તો નવાઈ નહી.

# ઘોઘંબામાં એસ.એચ. વરીયા હાઈસ્કુલ ખાતે NSS કેમ્પનું ઉદ્ઘાટન



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકા મથકે આવેલી એસ.એચ. વરીયા હાઈસ્કુલ ખાતે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય સેવા યોજના કેમ્પનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વાલી મંડળના પ્રમુખ મહેન્દ્રસિંહ પરમાર, બી.આર.સી પ્રવીણભાઈ સોલંકી, ગામનાં આગેવાનો, આચાર્ય એમ.બી.પંડ્યા, શાળાનો સમગ્ર સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એન.એસ.એસ. કેમ્પ એટલે વિદ્યાર્થીઓ માટે પોતાના જીવન ઘડતરનો એક મહામૂલ્ય ભાગ કહેવાય છે. ત્રણ દિવસ સુધી ચાલનારા આ કેમ્પમાં વિદ્યાર્થીઓ દરરોજ લોકજાગૃતિ, જન સલામતી, વ્યસન મુક્તિ, અંધશ્રદ્ધા, કુરીવાજો અને નિરક્ષરતાના વિવિધ કાર્યક્રમો કરી સમાજને જાગૃત કરશે. તારીખ ૮,૯,૧૦ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન દરરોજ રાત્રિના સમયે સાંસ્કૃતિક કાર્યક્રમનો આયોજન કરી રાષ્ટ્રીય એકતા, સાંસ્કૃતિક વારસો, દેશ પ્રેમ અને જનજાગૃતિના વિષયો પર જુદા જુદા નાટકો સાથે ગીત સંગીતની રજૂઆત કરવામાં આવશે. દરેક વિદ્યાર્થીને પોતાને જાતને પગભર થવા માટે કેમ્પ દ્વારા મહત્વના સદવિચાર પ્રાપ્ત થશે. આ કાર્યક્રમમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ગામના મહાનુભાવો અને મોટી સંખ્યામાં વાલીઓ પણ હાજર રહેશે. એન.એસ.એસ. કેમ્પના કન્વીનર મહેન્દ્રકુમાર કે.પટેલ દ્વારા કાર્યક્રમનું સુંદર સંચાલન અને વિદ્યાર્થીઓ સાથે સહભાગી થઈ દર વર્ષની જેમ આ વર્ષે પણ આ કાર્યક્રમ ઉજવવામાં આવશે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે ભાગ્યશાળી છે અને તમને તમારા જીવનસાથી અને વ્યવસાયમાં ભાગીદારોનો સહયોગ મળશે. આજે સારા કાર્યોમાં તમારી રુચિ વધશે. જીવનસાથી સાથે મળીને તમે તેમના કામમાં મદદ થશો.

વૃષભ : આજનો દિવસ શુભ છે અને કોઈ કામમાં સફળતા મળવાથી તમે ખુશ થશો. હાથમાં મોટી રકમ મેળવવાથી સંતોષ રહેશે. દિવસની શરૂઆતમાં પત્ની સાથે ચાલી રહેલા વિવાદનો અંત આવી શકે છે.

મિથુન : આજનો દિવસ તમારા માટે થોડો પરેશાનીવાળો હોઈ શકે છે અને કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથેની દલીલને કારણે આજે તમારો તણાવ વધી શકે છે. વેપારીઓમાં કોઈની સાથે વિવાદ થઈ શકે છે.

કર્ક : આજે ભાગ્ય તમને ટેકો આપશે અને કોઈ નવી ડીલથી અચાનક નાણાકીય લાભ મળશે. ઘરમાં પત્ની અથવા બાળકોના અચાનક બગડતા સ્વાસ્થ્યને કારણે થોડો તણાવ હોઈ શકે છે, પરંતુ ટૂંક સમયમાં બધું કાબૂમાં આવશે.

સિંહ : આજે તમારું મન અસ્વસ્થ રહેશે અને તમને કોઈ કામ કરવાનું મન થશે નહીં. આજે તમે કોઈ જૂની વાત વિશે વિચારીને અસ્વસ્થ થઈ શકો છો અને તમે મનમાં દુઃખી થશો.

કન્યા : આજનો દિવસ મુશ્કેલ રહેશે અને આસપાસનું વાતાવરણ પણ થોડું નકારાત્મક બની શકે છે. તમે તમારા ધૈર્ય અને નરમ વર્તનથી વાતાવરણને હળવું કરી શકશો. તમારા પ્રિયજનને મદદ કરવામાં થોડો ભાગદોડ થઈ શકે છે.

તુલા : લોકો માટે ખૂબ જ શુભ દિવસ છે અને આજે મહત્વાકાંક્ષી સ્વભાવવાળા લોકોને વિશેષ લાભ મળશે અને તેમની મનોકામના પૂર્ણ થશે. મુસાફરી પર જવું ફાયદાકારક રહેશે.

વૃશ્ચિક : આજે તમારા સ્વભાવને કારણે તમારો અડધો દિવસ અન્ય લોકોનું ભલું કરવામાં અને તેમના માટે ભાગદોડમાં પસાર થશે. સાંજે તમે તમારા અને તમારા પરિવાર માટે સમય આપવામાં સમર્થ હશો.

ધન : આજે મિશ્રિત પરિણામનો દિવસ બની શકે છે. આજે સમાજમાં તમારી છબી સુધરશે અને તમને કંઈક કરવા પ્રેરણા મળશે જે બીજાના હિત સાથે સંબંધિત હશે. ઓફિસમાં તમને પ્રમોશનની તકો મળશે અને પૈસા કમાવવાના નવા માધ્યમો મળી શકે છે.

મકર : તમારા માટે આજનો દિવસ આનંદદાયક છે. વિદ્યાર્થીઓને આજે સફળતા મળશે અને બેરોજગાર લોકોને પણ આજથી ગમે ત્યાંથી સારા સમાચાર મળી શકે છે. ઉદ્યોગપતિઓનું કામ ફરી એકવાર આગળ વધી શકે છે. કાર્યક્ષેત્રમાં પ્રતિષ્ઠા વધશે.

કુંભ : આજે તમને સારી સંપત્તિ મળી શકે છે અને ભાગ્ય પણ તમારો સાથ આપી શકે છે. સમાજમાં તમારી રાજ્ય-પ્રતિષ્ઠા વધશે અને તમે જે વિચાર્યું તે બધું થઈ રહ્યું છે તે જોઈને તમને આનંદ થશે. તમારી જવાબદારીઓ વધવાના કારણે આજે થોડીક અયોગ્ય પરિસ્થિતિ ઊભી થઈ શકે છે.

મીન : આજે દરેક બાબતમાં જીવનસાથીનો સહયોગ મળશે. વેપારમાં તમે જે પણ પ્રયત્નો કરો છો તેમાં આજે તમને સફળતા મળશે. માન, પ્રતિષ્ઠા વધશે અને સાંજે તમે ભેટ મેળવી શકો છો અથવા તમે સારું ભોજન મેળવી શકો છો. કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ જાય અથવા ચોરાઈ જાય તેવી સંભાવના છે.




# દાહોદ જીલ્લામાં હીટ એન્ડ રનની જુદી જુદી જગ્યાએ બનેલી બે ઘટનાઓમાં બે જણાના મોત નિપજયાનું તથા એક મહિલાને ઈજાઓ

દાહોદ,

દાહોદ જીલ્લામાં હીટ એન્ડ રનની બનેલી બે ઘટનાઓ પૈકીની એક ઘટના લીમખેડાના પ્રતાપપુરા ગામે હાઈવે રોડ પર બનવા પામી હતી. જેમાં ગતરોજ બપોરના સાડા ત્રણ વાગ્યાના સુમારે એક ફોરવ્હીલ ગાડીનો ચાલક તેના કબજાની જીજે૧૮ એ.એમ-૩૮૯૪ નંબરની ફોરવ્હીલ ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ જઈ પ્રતાપપુરા ગામે હાઈવે રોડ પર રોડક્રોસ કરી રહેલ દહીકોટ ગામના વૃધ્ધ દંપત્તીને અડફેટાં લઈ ટક્કર મારી રોડ પર પાડી દઈ નાસી જતાં વૃધ્ધ દંપત્તી પૈકી ગેમાભાઈ હીરાભાઈ રાવળને માથામાં તથા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે મણીબેન ગેમાભાઈ રાવળને જમણા પગે સામાન્ય ઈજાઓ થઈ હતી. આ સંબંધે મરણજનાર ગેમાભાઈ રાવળના પુત્ર ભારતભાઈ ગેમાભાઈ રાવળે નોંધાવેલ ફરિયાદને આધારે લીમખેડા પોલીસે અજાણ્યા ફોર વ્હીલ ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે જીલ્લામાં હીટ એન્ડ રનનો બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના માંડવ ગામે નિશાળ ફળિયામાં દેવગઢ બારીઆથી છોટાઉદેપુર તરફ જતાં રોડ પર બનવા પામ્યો હતો. જેમાં એક ડંફર ડ્રાયવર તેના કબજાના જીજે-૨૦ એક્સ-૨૬૩૬ નંબરની ડંફર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકરી લઈ આવી ફાંગીયા ગામના પુજારા ફળિયામાં રહેતા ૩૨ વર્ષીય કનુભાઈ ગોપાલભાઈ રાઠવાની જીજે-૨૦ બીઈ-૮૪૪૧ નંબરની મોટર સાયકલને ટક્કર મારી નાસી જતાં મોટર સાયકલ પરથી ફંગોળાઈને રોડ પર પટકાયેલા કનુભાઈ ગોપાલભાઈ રાઠવાને માથાના ભાગે, ગળાના ભાગે તેમજ શરીરે નાની મોટી ઈજાઓ થતાં તેને સારવાર માટે સૌ પ્રથમ દેવગઢ બારીઆ સરકારી દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા અને ત્યાંથી વધુ સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજ્યું હતું. આ સંબંધે મરણ જનાર ફાંગીયા ગામના કનુભાઈ રાઠવાના મોટાભાઈ અરવીંદાઈ ગોપાલભાઈ રાઠવાએ નોંધાવેલી ફરિયાદને આધારે સાગટાળા પોલીસે ડંફર ગાડીના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ નગરમાં ચોરી કરતા ઈસમોનો પોલીસને ખુલ્લો પડકાર : નગરમાં વધતા ચોરીના બનાવો

ઝાલોદ,

ઝાલોદ નગરમાં ચોરો બિન્દાસ રીતે ચોરી કરી રહ્યાના બનાવો દિન પ્રતિદિન વધી રહેલ છે. ચોરી કરનાર અજાણ્યા શખ્સોને પોલીસનો કોઈ ડર નહી હોય તેમ પોલીસને પડકાર ફેંકતા હોય તેમ ચોરીના બનાવો બની રહેલ છે. થોડા દિવસો પહેલા મહિલાના ગળામાંથી અછોડો તોડી દીન દહાડે બે બાઈક સવાર અજાણ્યા લોકો નાશી છુટેલ ત્યાર બાદ બસ સ્ટેશન વિસ્તાર માથી સાંજના સમયે બાઈક ચોરીનો બનાવ તેમજ હાલ ત્રીજો બનાવ ઠુંઠી કંકાસિયા રોડ પર ગાડીઓનું રેપૈરીંગ કરી ગુજરાન ચલાવનાર દુકાનદારની દુકાન બહાર પડેલ ગાડીઓનું રેપૈરીંગનો સામાન રાત્રી દરમ્યાન ચોરી કરી અજાણ્યા શખ્શો ફરાર થઈ ગયેલ છે.

ઝાલોદ ઠુંઠી કંકાસિયા રોડ પર ભગીરથ સોસાયટીની સામે દાહોદ થી મુસ્તાક અબ્દુલભાઈ આવી રોજીંદા પોતાનું ગાડી રીપૈરીંગનુ ગેરેજ ચલાવે છે. મોટી ગાડીનો બધો રેપૈરીંગનો સામાન દુકાનમાં મૂકી ન શકવાના લીધે વધુ પડતો માલ દુકાનની બહાર પડી રહેતો હતો. આ તકનો લાભ જોઈ અજાણ્યા ચોરો દ્વારા દુકાન બહાર પડી રહેલ છૂટ્ટો સામાન રાત્રી દરમ્યાન એક ગાડીમાં ભરી લઈ ગયેલ હોય તેવું લાગી રહેલ છે. સી.સી.ટી.વી ફુટેજમાં અજાણ્યા વાહન જણાય છે અને તે વાહનમાં માલ ભરી લઈ ગયેલ હોવાની શંકા થઇ રહેલ છે.

એક અંદાજીત રકમ મુજબ ૩૦૦૦૦૦ રૂપિયાનો સામાન ચોરી કરીને અજાણ્યા ચોરો નાશી ગયેલ છે. તેવી ચર્ચા નગરમાં ચર્ચાઈ રહેલ છે. નગરમાં બાઈક ચોરીના બનાવો દિન પ્રતિદિન ખૂબ મોટા પ્રમાણમાં વધી રહેલ છે. પરંતુ આવી ચોરીની ઘટના પોલીસ સ્ટેશન ખાતે એફ.આઈ.આર. જોવા મળતી નથી. તેમજ ચોરીની ઘટના ફક્ત જાણવાજોગ મુજબની અરજીઓ પર જ જોવા મળે છે. નગરમાં વધતી ચોરીમાં કોઈ ચોરો પકડાતા નથી, તો પોલીસની સામે ચોરો પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે.

# બીલીમોરાથી ૧૪૩૦ કિ.મી. દોડ લગાવી અયોઘ્યા જતાં યુવાનો લીમખેડા અને દાહોદ ખાતે સ્વાગત કરાયું



દાહોદ,

બીલીમોરાથી ૧૪૩૦ કિ.મી. દોડ લગાવી અયોઘ્યા જતા ૩૦ યુવાનો દાહોદ જીલ્લાના લીમખેડા તેમજ દાહોદ શહેરમાં લીમખેડા તેમજ દાહોદના રાજકીય પક્ષો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભગવાન શ્રી રામની પ્રાણ પ્રતિષ્ઠા થવા જઈ રહી છે. ત્યારે આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર રહી આ ઐતિહાસિક અને અલૌકિકક્ષણના સાક્ષી બનવા હરકોઈ ઉત્સાહીત અને આતુર છે. સમગ્ર દેશ અને વિદેશમાંથી લોકો અયોઘ્યામાં રામલલાના દર્શન માટે આતુર બન્યા છે. ત્યારે ગુજરાતના બીલીમોરા ગામે થી ૨૬ યુવકો અને ૪ યુવતિઓ મળી ૩૦ જેટલા યુવાનો દોડ લગાવીને અયોઘ્યામાં ૨૨ જાન્યુઆરીએ થનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે નીકળ્યા છે. જે આજે લીમખેડા તેમજ દાહોદ ખાતે આવી પહોંચતા લીમખેડાના ધારાસભ્ય શૈલેષ ભાભોર, દાહોદના ધારાસભ્ય કનૈયાલ કિશોરી, જીલ્લા ભાજપ મહામંત્રી સ્નેહલ ધરીયા સહિતના આગેવાનોએ ફલહાર પહેરાવી સ્વાગત કર્યુ હતું. ઉપસ્થિત લોકોએ જય શ્રીરામ નારા સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ૩૦ દોડવીરો સાથે અન્ય ૧૦ જેટલા સેવાભાવી લોકો પણ આ યુવાનો સાથે અયોઘ્યા પહોંચશે. આ રામ ભક્તોએ જણાવ્યુ હતું કે, અયોઘ્યા સુધી દોડ લગાવીને જવાનો તેમનો ઉદ્દેશ એટલો જ છે કે, સમગ્ર ભારતમાં એકતા જળવાઇ રહે, યુવાનોમાં ધર્મ પ્રત્યે જાગૃતતા આવે અને લોકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ ફેલાય તેવા હેતુથી અયોઘ્યા સુધી દોડતા જવાનું નક્કી કર્યું છે. આ દોડવીરોએ લીમખેડાથી દાહોદ તરફ પ્રસ્થાન કર્યુ હતું.

# દે.બારીયા બસ સ્ટેશનના રિકન્સ્ટ્રકશન સાથે નવો શૌચાલયનું બાંધકાર્ય કરાશે ખરા ?




તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા બસ સ્ટેશનનું હાલમાં છેલ્લા ત્રણ-ચાર માસથી રિકન્સ્ટ્રકશનનું કાર્ય હાથ ધરવામાં આવ્યો છે. જે આવકારદાયક કાર્ય અને બિરદાવવા લાયક છે. પરંતુ સાથે રિકન્સ્ટ્રકશનના કાર્યની સાથે નવો શૌચાલયનું બાંધકાર્ય હાથ ધરવામાં આવે તેવી આમ જનતાની માંગ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા એસ.ટી.બસ સ્ટેન્ડ ગોધરા વિભાગીય કચેરી હસ્તક આવતો દાહોદ ડેપોના બાદ બીજા સ્થાને આવતો ડેપોમાં ગણના થાય છે. ડેપો બનાવ્યા બાદ નવો બસ સ્ટેન્ડનું બાદ કાર્ય થયું હતું. જેમાં કેન્ટીન સ્ટોલ સાથે અનેક શટરો હાલમાં ખાલી પડી રહ્યા હતા. હાલમાં રિકન્સ્ટ્રકશનમાં બસ સ્ટેન્ડ ઉપરના માળે ઓફિસના રૂમ સાથે સ્ટોલના રૂમની સાઈડમાં ઉપલા માળે જવા માટે સીડી સાથે નવો કેન્ટીનની વ્યવસ્થા કરાઈ છે. હાલમાં શુદ્ધ અને ઠંડુ પીવાના પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ નથી. જે શહેરના દાતા હાલમાં યુ.એસ.એ સ્થાઈના દ્વારા ઠંડા પાણીની પરબ હાલમાં બંધ હાલતમાં છે. તે ઠંડાપાણીની પરબમાં ફ્રિજ જે બગડી ગયેલી હાલતમાં છે. તેનું સમારકાયૃ હાથ ધરી તે ઠંડાપાણીની પરબને કાર્યરત કરવામાં આવે અને જનતાની પ્રાથમિક સુવિધામાં નવું શૌચાલય પણ બનાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# મેડિકલ ઈમરજન્સીમાં ઈએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસ ૧૦૮ ની સુવિધા દર્દી માટે આશીર્વાદરૂપ પુરવાર થઈ રહી છે




દાહોદ,

સરકાર આરોગ્ય ક્ષેત્રે એક વાદ એક નવી સુવિધા વધારી રહી છે. જેમાં ઈ એમ આર આઈ ગ્રીન હેલ્થ સર્વિસ ૧૦૮ ઈમરજન્સી સેવા જીવનદાન બની છે. જેમાં ચાલુ વર્ષે ૨૦૨૩ માં દાહોદ જીલ્લામાંથી કુલ ૬૨૯૬૮ આકસ્મિક ઘટનાના કોલ મળ્યા હતા. આ તમામ ઘટનાઓમાં ૧૦૮ ને સૌથી વધુ ૩૪૯૮૭ જેટલા કોલ ગર્ભાવસ્થા સંબંધિત અને ૪૮૭૨ માર્ગ અકસ્માતની ઘટનાઓ કોલ મળ્યા હતા.

અકસ્માત, શારીરિક ઈજા, હાર્ટ અટેક સહિતની કોઈપણ મેડિકલ ઈમરજન્સીમાં ૧૦૮ ની સેવા દર્દી માટે આશીર્વાદરૂપ પુરવાર થઈ રહી છે. અકસ્માતના કિસ્સામાં છેલ્લા શ્વાસ લેતા દર્દીને છેલ્લી ઘડીની સારવાર આપીને કે સમયસર હોસ્પિટલ પહોંચાડીને જીવન બચાવ્યા હોય તેવા પણ અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા. ત્યારે દાહોદ જીલ્લામાં માર્ગ અકસ્માત, ગર્ભવતી મહિલાની સમસ્યાઓ અને અન્ય આકસ્મિક ઘટનાઓમાં ૧૦૮ સેવાના કારણે લોકોનો જીવ બચાવી શકાયા હતા. વર્ષ દરમિયાન ઉતરાયણ, દિવાલી, ધુલેટી જેવા તહેવારો અને સામાન્ય દિવસોમાં આવતી આકસ્મિક ઘટનાઓમાં ૨૪ કલાક ચાલતી ૧૦૮ સેવાના કારણે બાળકોથી લઈને વૃદ્ધોને સારવાર મળી છે.

# દાહોદ શહેરમાં ઘરફોડ ચોરીના ગુનામાં બે બાળ કિશોરને ઝડપી ૪૯,૭૫૦/-રૂા. ચોરીના મુદ્દામાલ જપ્ત કર્યો

દાહોદ,

દાહોદ શહેરમાં ઘરફોડ ચોરીના ગુન્હામાં દાહોદ એલ.સી.બી. પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી ચોરીના કુલ ૦૪ અનડિટેક્ટ ગુનાઓનો ભેદ શોધી કાઢી ગુન્હામાં સંડોવાયેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બે બાળ કિશોરોને ઝડપી પાડી ચોરીનો કુલ રૂા.૪૯,૭૫૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં પ્રોહીબીશનના ગુન્હાઓ અટકાવવા, જુગારના અડ્ડા ઉપર રેડ પાડવા, નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા, ઘરફોડ ચોરીના ભેદ ઉકેલવા, અસામાજીક તત્વોને ઝડપી પાડવા વિગેરે જેવા ગુન્હાઓને શોધી કાઢવા માટે દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે દાહોદ શહેરમાં ઘરફોડ ચોરીના ૦૪ અનડીટેક્ટ ગુન્હાઓને દાહોદ એલ.સી.બી. પોલીસે શોધી કાઢવા માટે જુદી જુદી ટીમો બનાવી તપાસ હાથ ધરી રહી હતી. ત્યારે પોલીસને મળેલ બાતમીના આદારે દાહોદ ઈન્દૌર હાઈવે રોડ ઉપર ભગવતી હોટેલની નજીક દરગાહ પાસે બે છોકરાઓ થેલાઓમાં કાંઈક શંકાસ્પદ મુદ્દામાલ ભરી લઈ વેચવા જનાર છે. જે બાતમીના આધારે પોલીસે ઈન્દૌર તરફ ગોધરા તરફ જતાં નેશનલ હાઈવે રોડ દાહોદ ભગવતી હોટલની નજીક વ્યુહાત્મક રીતે વોચ ગોઠવી તપાસ કરતાં આ ગુન્હામાં સંડાવાયેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બે બાળ કિશોરોને ઘરફોડ ચોરીના રૂા.૪૯,૭૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યાં હતાં અને બંન્ને બાળ કિશોરોને પોલીસ મથકે લાવી તેઓની પુછપરછ કરતાં દાહોદ શહેરમાં આવેલ લક્ષ્મી રેસીડેન્સીમાં ઘરફોડ ચોરીઓને અંજામ આપ્યો હોવાની કબુલાત કરી હતી. આ સંબંધે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ૫૦૦ કિલો અયોઘ્યા જતા વિશાળ નગરાનું લીમખેડા અને દાહોદ પહોંચતા ડબગર સમાજ સહિત નગરજનો દ્વારા સ્વાગત



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાતના અખિલ ભારતીય ડબગર સમાજ દ્વાર તૈયાર કરાયેલ ૫૦૦ કિલોનું વિશાળ નગારૂ ગતરોજ લીમખેડા તેમજ દાહોદ ખાતે આવી પહોંચતા ડબગર સમાજ સહિત નગરજનોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. અયોઘ્યામાં ભગવાન શ્રી રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૨મી જાન્યુઆરીએ યોજાવાનો છે. જેને લઈને સમગ્ર દેશના હિન્દુઓમાં ખુબ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દરેક સમાજના લોકો પોતાની યથા શક્તિ મુજબ ભગવાન રામ રામના મંદિરના નિર્માણમાં યોગદાન આપી રહ્યા છે. ત્યારે અખિલ ભારતીય ડબગર સમાજ દ્વાર ભગવાન રામ ના મંદિરમાં ભવ્ય નગારૂ અર્પણ કરવામાં આવ્યુ છે. આ નગારૂ રામ મંદિરમાં પ્રવેશ કરતાની સાથે જ સિંહ દ્વાર પર મુકવામાં આવનાર છે. જે નગારૂ ૫૬ ઈંચ અને ૫૦૦ કિલો વજન ધરાવતા આ નગારાને બનાવવામાં ૮ લાખનો ખર્ચ થયો છે. આ વિશેષ નગારૂ વિશેષ રથમાં સવાર થઈ અયોઘ્યાધામ ખાતે રવાના થયું હતું. જે આજે લીમખેડા તેમજ દાહોદ ખાતે આવી પહોંચતા લીમખેડા ના નગરજનો અને ડબગર સમાજ દ્વારા ફૂલહાર, આરતી પુજા કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. ડીજેના તાલ સાથે વિશાળ શોભાયાત્રા લીમખેડા નગરમાં કાઢવામાં આવી હતી. હાજર લોકોએ જય શ્રી રામના નારા લગાવી સમગ્ર નગરને ભક્તિમય બનાવી દીધો હતો.

# ગરબાડાના ગાંગરડી ગામે કરણીયાણાની દુકાન માંથી ચાઈનીઝ દોરીનો જથ્થા સાથે દુકાનદારોને ઝડપ્યા

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના ગાંગરડી ગામે એક કરીયાણાની દુકાન માંથી પોલીસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો કબજે કરી દુકાનદારની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

ઉત્તરાયણ પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે ઉત્તરાયણના પર્વ દરમ્યાન કાચના પાવડરનો ઉપયોગ કરી તૈયાર કરેલ પ્લાસ્ટીકની કે સિન્થેટીક ચાઈનીઝ બનાવટની દોરી, માંઝાને કારણે માનવ, પશુ, પક્ષીઓને ઈજા પહોંચવાના તથા મૃત્યુ થવાના અનેક બનાવો બને છે. જેથી પ્લાસ્ટીકની કે સિન્થેટીક ચાઈનીઝ બનાવટની દોરી, માંઝાનું ગેરકાયદેસર વેચાણ કરતાં ઈસમોને ઝડપી પાડવા ગરબાડા પોલીસે ગરબાડા, ગાંગરડીમાં દુકાનોમાં તપાસ હાથ ધરી હતી. ત્યારે ચોક્કસ બાતમીના આધારે ગરબાડા પોલીસે ગાંગરડી ગામે એક કરિયાણાની દુકાન ચલાવતાં પંકજકુમાર ચંન્દ્રવદન શાહની દુકાનમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમ્યાન દુકાન માંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરી મળી આવી હતી. જેથી ગરબાડા પોલીસે પંકજકુમાર ચંન્દ્રવદન શાહને ઝડપી પાડી તેના વિરૂદધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વેજલપુરના ખેડા ફળીયા પાસે હાઈવે રોડ ઉપર ચાલતા જતાં છોકરાને ટ્રકે અડફેટમાં લઈ મોત નિપજાવતા ફરિયાદ

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે ખેડા ફળીયામાં રહેતા ફરિયાદીનો છોકરો વેજલપુર બજાર માંથી સામાન લઈને ચાલતા ઘરે આવી રહ્યા હતા. ટ્રક ચાલકે છોકરાને પાછળથી ટકકર મારતાં દવા સારવાર દરમિયાન મોત નિપજાવી ચાલક ટ્રક મૂકી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગત મુજબ કાલોલ તાલુકાના વેજલપુર ગામે ખેડા ફળીયામાં રહેતા રામુભાઇ છગનભાઇ રાવળનો છોકરો વેજલપુર બજાર માંથી સાંજના ૭ વાગ્યના સમયે રોડ ઉપરથી ચાલતા ખેડા ફળીયા પાસેથી જઈ રહ્યો હતો. ત્યારે ટ્રક નં.જીજે. ૦૯.વાય. ૬૦૯૬ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રામુભાઇ રાવળના છોકરાને પાછળથી ટકકર મારી ગંભીર ઈજાઓ પહોંચાડતા ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં દવા સારવાર અર્થે ખસેડતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. અકસ્માત સર્જનાર ટ્રક ચાલક પોતાનું વાહન સ્થળ ઉપર મૂકી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.117

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## ગોધરા તાલુકાના સામલી ગામે ખોટો દસ્તાવેજ સાચા તરીકે ઉપયોગ કરનાર આરોપીના નિયમીત જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

ગોધરા તાલુકાના સામલી ગામની સર્વે નં.૪૧૮, ૪૫૫,૬૦૦,૬૭૪,૬૭૬ વાળી તથા સર્વે નં. ૪૧૭ વાળી માલિકીની જમીનમાં ફરિયાદીની જાણ બહાર બારોબાર પચાવી પાડવાના ૮ આરોપીઓ ગુનાહિત કાવતરું રચવાના ગુનાના આરોપી મહેન્દ્રભાઈ મીઠાભાઈ વણકર એ પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જજની કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી મુકેલ હતી. તે જામીન અરજી નામંજુર કરવામાં આવી.

ગોધરા તાલુકાના સામલીના ફરિયાદી કાળુભાઈ મંગળભાઈ પટેલ તથા મરણજનાર બહેન અખમબેનના નામની સામલી ગામે આવેલ સર્વે નં.૪૧૮, ૪૫૫, ૬૦૦, ૬૬૫, ૬૭૪, ૬૭૬ વાળી તેમજ સર્વે નં.૪૧૭ વાળી કાકાની છોકરી રચલીબેન સુકાભાઈ પટેલની સંયુકત માલિકીની જમીન આવેલ હતી. તે જમીન ફરિયાદીની જાણ બહાર આરોપી કાનાભાઈ ભરવા મણીભાઈ સાલમભાઈ બારીયા, મહેશભાઈ પટેલ, વિકાભાઈ ભરવાડ, ફારૂક મહમંદ મણકી, મહેન્દ્રભાઈ મીઠાભાઈ વણકર, લીમ્બાભાઈ લાખાભાઈ વણકર, પ્રવિણભાઈ શંકરભાઈ પરમારએ ગુનાહિત કાવતરું રચી ફરિયાદીની બહેન અખમબેન નામની ભળતી વ્યકિતને આરોપી મણીભાઈ સાલમભાઈ બારીયાની માતા અખમબેન આલમભાઈ બારીયા ૨૦૦૩ના વર્ષમાં મરણ ગયેલ મરણના દાખલા તથા તેણીનું પેઢીનામું ગોકળપુરા ગ્રામ પંચાયત માંથી મેળવી ફરિયાદી કાળુભાઈ પટેલ જીવીત અને પરણિત હોવા છતાં મરણ તથા અવિવાહિત બાબતે ખોટા સોગંદનામા મામલતદાર કચેરીમાં તૈયાર કરાવી ફરિયાદીના પિતાના ભળતા નામવાળા મંગળભાઈ ઝવરાભાઈ બારીયાનું ખોટુ પેઢીનામું સામલી તથા વાવડી ખુર્દ માંથી મેળવી અખમબેનની મરણની ખોટી વારસાઈ કરાવી ખોટા દસ્તાવેજનો સાચા તરીકે ઉપયોગ કરતા ગોધરા તાલુકા પોલીસના ગુનામાં આરોપી મહેન્દ્રભાઈ મીઠાભાઈ વણકર દ્વારા પ્રિન્સીપલ ડીસ્ટ્રીક જજ પી.વી.શ્રીવાસ્તવની કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરતાં આ જામીન અરજી કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોર વિગતવાર દલીલો અને તપાસ અધિકારીને એફિડેવીટ તથા પોલીસ તપાસના કાગળો ધ્યાને લઈ આરોપી મહેન્દ્રભાઈ મીઠાભાઈ વણકરના રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામાં આવી.

## ગોધરાના રાજય વેરા નિરીક્ષક પુષ્પકકુમાર પંચાલ પાંચ હજારની લાંચ લેતા ACB એ ઝડપ્યો



ગોધરા,

ગોધરાના રાજય વેરા નિરીક્ષક પુષ્પકકુમાર પંચાલ પાંચ હજારની લાંચ લેતા ACB એ ઝડપાય હતા. તેવો જયવિર એન્ટરપ્રાઈઝ નામથી સાંપા રોડ, ગોધરા ખાતે દુકાન વ્યવસાય ધંધા માટે જી.એસ.ટી. નંબર મેળવવા તા.૨૮/૧૨/૨૦૨૩ના રોજ ઓન લાઈન અરજી કરેલ જે જી.એસ.ટી. નંબર આપવાના કામે આક્ષેપિતે સ્થળ વિઝીટ કરી ફરીયાદી પાસે રૂ.૫૦૦૦/– માગણી કરેલ જે ફરીયાદી આપવા માગતા ન હોય તે માટે એ.સી.બી.માં ફરીયાદ આપતા તા.૦૮/૦૧/૨૦૨૪ ના રોજ ગોઠવાયેલ લાંચના છટકા દરમ્યાન આક્ષેપિતે પંચ–૧ ની હાજરીમાં હેતુલક્ષી વાતચીત કરી રાજય વેરા કચેરી ગોધરા ખાતે પોતાની બેઠક વ્યવસ્થાના ટેબલ ઉપર મુકાવી રૂ.૫,૦૦૦/– ની લાંચની માંગણી કરી સ્વીકારી પકડાઈ ગઈ હતી. પુષ્પકકુમાર પંચાલને એ.સી.બી.એ ડીટેઈન કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે બંધ થયેલ ટ્રેનોના સ્ટોપેજ પૂનઃ શરૂ કરવાની માંગ સાથે સામાજીક કાર્યકર દ્વારા રજુઆત



ગોધરા,

ગોધરા રેલ્વે સ્ટેશનને અમૃત રેલ્વે સ્ટેશનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. હાલ રીનોવેશનની કામગીરી ચાલી રહી છે. ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે કોરોનાકાળ રેલ્વે વિભાગ દ્વારા ટ્રેનો શરૂ કરવામાં આવી પરંતુ ગોધરા સ્ટેશન ખાતે ૧૨૨૪૭ બાંદ્રા–નિઝામુદ્દીન, ૧૨૯૦૯–નિઝામુદ્દીન ગરીબ રથ, ૨૨૯૬૯ ઓખા–બનારસ, ૧૫૬૩૫–ગુવાહટી એકસપ્રેસ, ૨૨૯૦૧ બાંદ્રા–ઉદયપુર, ૧૯૫૭૫ ઓખા–નાથદ્વારા, ૧૯૪૨૧ અમદાવાદ–પટના, જે હાલ ગોધરા રેલ્વે સ્ટેશન ઉભી રહેતી ટ્રેનોના સ્ટોપેજ રદ કરવામાં આવ્યા છે. તે ટ્રેનોના સ્ટોપેજ પૂનઃ શરૂ કરવાની માંગ સાથે ગોધરાના સામાજીક કાર્યકર સંજયભાઈ ટહેલ્યાણી દ્વારા ડી.આર.એમ. વડોદરાને લેખિત રજુઆત કરાઈ.

### અંબાવ-અંગાડી પાસે ગાંધીધામ-ઈન્દોર સુપર ફાસ્ટ ટ્રેન માંથી

## લુંટ થયેલ મુદ્દામાલ ગોધરાના વેપારીને વેચ્યાની કબુલાત બાદ અટકાયત કરાયેલ વેપારીને છોડી મુકતા તર્ક વિતર્ક

પંચમહાલ સમાચાર / ગોધરા,

આણંદ–ગોધરા રેલ્વે ટ્રેક ઉપર અંબાદ–અંગાડી વચ્ચે નૂતન વર્ષના દિવસ ગાંધીધામ–ઈન્દોર નોનસ્ટોપ સુપર ફાસ્ટ ટ્રેનના સિગ્નલ લોસ કર્યા બાદ થંભી ગયેલ ટ્રેનના અલગ અલગ કોચ માંથી ચોર લુંટારૂ ઈસમો દ્વારા ૩.૨૦ લાખની ચોરી લુંટ કરાઈ હતી. આ લુંટના ગુનામાં નડીયાદ રેલ્વે પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. ટ્રેનના કોચ માંથી મુસાફરો પાસેથી લુંટ કરાયેલ સોનાના દાગીના ગોધરા નવા બજાર જૈન દેરાસર પાસે આવેલ મદની જવેલર્સના વેપારીને ત્યાં વેચવામાં આવ્યો હોવાની કબુલાત પકડાયેલ આરોપીઓ દ્વારા કરતા નડીયાદ રેલ્વે પોલીસ ગોધરા ખાતે પહોંચી હતી. અને ચોરીનો મુદ્દામાલ લેવાના ગુનામાં પુછપરછ માટે અટકાયત કરાઈ હતી. પરંતુ નડીયાદ રેલ્વે પોલીસ દ્વારા આરોપીઓની દાગીના ગોધરામાં વેચવાની કબુલાત કરી હોવા છતાં ગોધરાની અટકાયત કરાયેલ વેપારીને છોડી મુકવામાં આવ્યા છે. ત્યારે શું પકડાયેલ આરોપીઓ દ્વારા પોલીસને ખોટી માહિતી આપી હોય કે પછી વેપારી પોલીસને ગેરમાર્ગે દોરી રહ્યો છે. તે રેલ્વે પોલીસની ચોકકસ તપાસમાં ખુલી શકે છે.

## ગોધરા પાલિકાના વોર્ડ-૧૦માં થોડા સમય પહેલા બનેલ રસ્તાની હલ્કી ગુણવત્તાને લઈ સળીયા બહાર આવ્યા



ગોધરા,

ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૧૦માં થોડા સમય પહેલા રસ્તામાં હલ્કી ગુણવતાની કામગીરી કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવી હોય જેને લઈ રસ્તા ઉપર સળીયા દેખાવા માંડયા છે. તકલાદી કામ કરી એજન્સીને ફાયરો કરવામાં આવ્યો હોય તેવા આક્ષેપ રહિશો દ્વારા કરાઈ રહ્યા છે.

ગોધરા નગર પાલિકા વિસ્તારના વોર્ડ નં.૧૦માં થોડા સમય પહેલા લાખો રૂપીયાના ખર્ચે રસ્તાની કામગીરી કરવામાં આવી હતી. જયારે રસ્તાની કામગીરી જય એજન્સી મહેસાણા દ્વારા કરાઈ રહી હતી. ત્યારે સ્થાનિકો દ્વારા હલ્કી ગુણવત્તાની કામગીરી થઈ રહી હોય તેની પાલિકા ચીફ ઓફિસરને લેખિતમાં રજુઆત કરાઈ હતી. તેમ છતાં જે એજન્સી દ્વારા રસ્તાની કામગીરી કરાઈ રહી હતી. તે સ્થળ તપાસ કરી કાર્યવાહી કરવામાં આવી ન હતી. પરિણામે ટુંકાગાળામાં નવા બનેલ રસ્તા ઉપર સળીયા દેખાઈ રહ્યા છે. ત્યારે શું હલ્કી ગુણવત્તાની કામગીરી કરી રસ્તાના કામમાં વેઠ ઉતારનાર જય એજન્સી સામે પાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિક રહિશો ઈચ્છી રહ્યા છે.

## શહેરા જુનીવાડી ગામે રસ્તા ઉપર કાદવ કિચડથી ગ્રામજનો પરેશાન



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના જુની વાડી ગામ ખાતે રસ્તા પરના કાદવ કીચડ ના કારણે વાહન ચાલકો સહિત ગ્રામજનો હેરાન પરેશાન છે. સંબંધિત તંત્ર દ્વારા રસ્તાની મરામત કરવામાં આવે એવી ગ્રામજનોની માંગ ઉઠી હતી. શહેરા તાલુકાના જૂની વાડી થી જુના વલ્લભપુર તરફ જતા ડામર રસ્તા ઊપર કાદવ–કીચડ હોવાથી વાહનચાલકો સહિત રાહદારીઓ ને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. રસ્તા ઉપર મસ મોટા ખાડાઓમાં પાણી ભરાઈ રહેવા સાથે કાદવ કીચડના કારણે અમુક બાઈક સ્લીપ ખાઈ જતા બાઈકને નુકશાન પણ થતું હોય તેમ છતાં સબંધિત તંત્ર આ રસ્તાની કામગીરી નહીં કરતા સ્થાનિક ગ્રામજનો નો આક્રોશ પણ જોવા મળી રહ્યો છે. આ ડામર રસ્તા પરના મોટા ખાડાઓ પુરવા સાથે કાદવ કીચડ દૂર કરવામાં આવે એવી આશા પસાર થતા રાહદારીઓ રાખી રહ્યા હતા. અમુક સમયે તો અહીંથી પસાર થતી વખતે કોઈ વાહન ચાલક વધુ સ્પીડે વાહન લઈ નીકળતા ચાલતા જતા વ્યક્તિ પર કાદવ કીચડના છાંટા ઉડતા કપડાં પણ બગડતા હોય છે. રસ્તા ઉપર જોવા મળતા દ્રશ્યો પરથી સંબંધિત તંત્ર તાત્કાલિક કાદવ કીચડનું સામ્રાજ્ય દૂર કરે એ જરૂર બની રહયું છે.